
# સુભાષિતો






સંકલન

**શ્રી ગોર**





પૂ. માતૃશ્રી જયાબેન પ્રાણજીવન ઉપાધ્યાય

# સુભાષિતો

સંકલન

**શ્રી ગોર**


**શ્રી ગોર આશ્રમ**

મુ.પો. ખરેડા, તા. જી. મોરબી, (ગુજરાત) પીન : ૩૬૩ ૬૪૧
e: shreegorji@yahoo.com

# સુભાષિતો

પ્રથમ આવૃત્તિ : ૧૦૦૦
વર્ષ-૨૦૧૪

મૂલ્ય : **સદ્ભાવના**



પ્રાપ્તિ સ્થાન :

**શ્રી ગોર આશ્રમ**

મુ.પો. ખરેડા, તા. જી. મોરબી, (ગુજરાત)
પીન : ૩૬૩ ૬૪૧
e: shreegorji@yahoo.com

Made in India



**ॐ भूर्भुवः स्वः तत् सवितुर्वरेण्यं ।**
**भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात् ।।**

આ ગાયત્રી મંત્ર સૂર્ય આરાધનાનો મંત્ર છે. ભાવાર્થ છે : હે સર્વોપરી દેવ! તું જીવનનો આધાર છે, અમારા સર્વ દુઃખ દૂર કરે છે, તું સ્વયં પ્રકાશિત છે, સૌથી વધુ પૂજનીય છે, અમે તારું ધ્યાન ધરી પ્રાર્થના કરીએ કે તું અમારી બુદ્ધિને વધુ પ્રજવલિત કર.



**या कुन्देन्दु तुषारहारधवला या शुभ्रवस्त्रावृता**
**या वीणावरदण्डमण्डितकरा या श्वेतपद्मासना ।**
**या ब्रह्माच्युतशंकरप्रभृतिभिर्देवैः सदा वन्दिता**
**सा मां पातु सरस्वती भगवती निःशेषजाड्यापहा ।।**

શાર્દુલવિક્રિડીત છંદ : રાહુ દોષ (પિતૃ દોષ) માટે ઉપયોગી

સૌંદર્યમંડિત છે જે શુભ્ર શશિ સમ
માળા છે જેની સુંદર જળબિન્દુ સમ

ધવલ વસ્ત્રો છે જેને અતિ શોભતા
વીણાદંડ સોહે જેના કર કમળમાં
વિરામ આસન છે જેનું શ્વેત પદ્મનું

સદા વંદન કરે જેને સર્વ દેવો
બ્રહ્મા વિષ્ણુ મહેશ સહ પૂજ્ય ભાવે

એવી દેવી મા સરસ્વતી દૂર કરજો
અમ બુદ્ધિ કુંઠિત કરતા તિમિરને

**अलसस्य कुतो विद्या अविद्यस्य कुतो धनम् ।**
**अधनस्य कुतो मित्रं अमित्रस्य कुत: सुखम् ।।**

આળસુ માણસને વિદ્યા ક્યાંથી મળે ? વિદ્યા વિનાના માણસને ધન ક્યાંથી મળે ? નિર્ધન માણસને મિત્ર ક્યાંથી મળે અને મિત્ર વિનાના માણસને સુખ ક્યાંથી મળે

**अग्नि: शेषं ऋण: शेषं शत्रु: शेषं तथैव च ।**
**पुन: पुन: प्रवर्धेत तस्मात् शेषं न कारयेत् ।।**

અગ્નિ, દેવું અને શત્રુ એ ત્રણનો જરાક અંશ બચી જાય તો તે ફરી ફરી વધ્યા જ કરે માટે તેના અંશને પણ બાકી રહેવા ન દેવાય.

**अग्निहोत्रं गृहं क्षेत्रं गर्भिणीं वृद्धबालकौ ।**
**रिक्तहस्तेन नोपेयाद् राजानं देवतां गुरुम् ।।**

પવિત્ર અગ્નિ, પોતાનું ઘર, ખેતર, ગર્ભવતી સ્ત્રી, વૃદ્ધો, બાળકો, રાજા, દેવતા અને ગુરુ પાસે કદી ખાલી હાથે ન જવું જોઇએ.

**अजरामरवत् प्राज्ञो विद्यामर्थं च साधयेत् ।**
**गृहीत इव केशेषु मृत्युना धर्मम् आचरेत् ।।**

ડાહ્યા માણસોએ જ્યારે જ્ઞાન કે ધન મેળવવાની વાત આવે ત્યારે પોતે અજરઅમર રહેવાના છે એવું વિચારીને વણથંભી સાધના કરવી જોઈએ અને જ્યારે ધર્મનું આચરણ કરવાની વાત આવે ત્યારે મોત ખંભા પર બેસી વાળ ખેંચી રહ્યું છે એમ માનીને તરત ધર્મનું આચરણ કરવું જોઈએ.

**अतितृष्णा न कर्तव्या तृष्णां नैव परित्यजेत् ।**
**शनैः शनैश्च भोक्तव्यं वित्तम् स्वयमुपार्जितम् ।।**

ન અતિ તૃષ્ણા કરવી કે ન તૃષ્ણાનો સમૂળગો ત્યાગ કરવો. જાતે કમાયેલી સંપત્તિનો ધીમે ધીમે ઉપભોગ કરવો.

**अतिदानाद्धत: कर्णस्त्वतिलोभात् सुयोधन: ।**
**अतिकामाद्दशग्रीवस्त्व् अति सर्वत्र वर्जयेत् ।।**

અતિ દાનથી કર્ણ પાસે કંઈ ન રહ્યું. અતિ લોભથી સુયોધનની અવદશા થઈ. અતિ ઈચ્છાથી પતન થાય છે માટે કોઈ પણ બાબતમાં અતિશયતાને તજવી.

**अतिपरिचयादवज्ञा सततगमनात् अनादरो भवति ।**
**मलये भिल्ला पुरांध्री चंदनतरुकाष्ठम् इंधनम् कुरुते ।।**

અતિ પરિચયથી અવજ્ઞા થાય. કોઈને ત્યાં સતત જઈએ તો આવકાર ન મળે. મલય પર્વત પર રહેતી ભીલડીઓ ચંદનને પણ ઇંધણનું લાકડું ગણી ચૂલામાં બાળે છે.

**अद्रोह: सर्वभूतेषु कर्मणा मनसा गिरा ।**
**अनुग्रहश्च दानं च एष धर्म: सनातन: ।।**

મન, વચન અને કર્મથી કોઈ જીવનો દ્રોહ ન કરવો, પ્રેમ રાખવો અને ઉદારતાથી દાન આપવું એ સનાતન ધર્મ છે.

**अधमा: धनमिच्छन्ति धनं मानं च मध्यमा: ।**
**उत्तमा: मानमिच्छन्ति मानो हि महताम् धनम् ।।**

નિમ્ન કક્ષાના માણસો ધનની ઈચ્છા રાખે છે. મધ્યમ કક્ષાના માણસો ધન અને માન બન્નેની ઈચ્છા રાખે છે. પણ ઉત્તમ માણસોની ઈચ્છા ફક્ત માન મેળવવાની હોય છે કેમકે માન સૌથી ચડિયાતું ધન છે.

**अनभ्यासे विषं विद्या अजीर्णे भोजनं विषं ।**
**विषं सभा दरिद्रस्य वृद्धस्य तरुणी विषं ।।**

અભ્યાસ ન કર્યે વિદ્યા વિષ સમાન બને છે, જ્યારે પાચન ન થતું હોય ત્યારે ભોજન ઝેર બને છે. સંપત્તિ વિહોણા માટે સભા એટલે કે જાહેરમાં જવું ઝેર જેવું બને છે તો વૃદ્ધો માટે યુવાન સ્ત્રી વિષની ગરજ સારે છે !

**अन्नदानं परं दानं विद्या दानम् अत: परम् ।**
**अन्नेन क्षणिका तृप्ति: यावज्जीवञ्च विद्यया ।।**

અન્નદાન ઘણી મોટી વાત છે પણ વિદ્યાદાન તેનાથી પણ મોટી વાત છે. અન્નથી થોડો વખત તૃપ્તિ અનુભવાય છે પણ વિદ્યા વડે આજીવન તૃપ્તિ મળે છે.

**अन्यक्षेत्रे कृतं पापं पुण्यक्षेत्रे विनश्यति ।**
**पुण्यक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति ।।**

અન્ય ક્ષેત્રે કરેલું પાપ તીર્થમાં જઈ ધોઈ શકાય છે. પણ તીર્થક્ષેત્રમાં જો પાપ કરીએ તો તે વજ્રલેપ બની જાય છે.

**अपमानितोऽपि कुलजो न वदति पुरुषं स्वभावदाक्षिण्यात् ।**
**नहि मलयचन्दनतरु: परशुप्रहत: स्त्रवेत् पूयम् ॥**

કુહાડીથી પ્રહાર થવા છતાં મલય પર્વત પર ઊગતા ચંદનના વૃક્ષમાંથી જેમ નકામો પદાર્થ બહાર આવતો નથી તેમ અપમાન થવા છતાં કુળવાન માણસો પોતાનું સૌજન્ય છોડી જેમ તેમ બોલતા નથી.

**अयं निज: परो वेऽति गणना लघुचेतसाम् ।**
**उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥**

આ મારું છે, તે બીજાનું છે એવી ગણતરી તો જેનું મન સાંકડુ હોય તેવા લોકોની હોય. જેનું મન ઉદાર હોય તેને તો આખું ય જગત પોતાના કુટુંબ જેવું લાગે.

**अर्थातुराणां न गुरुर्न बन्धु: कामातुराणां न भयं न लज्जा ।**
**विद्यातुराणां न सुखं न निद्रा क्षुधातुराणां न रुचिर्न वेला ॥**

જેમને પૈસા કમાવાની આતુરતા હોય તેને ન તો ગુરુ દેખાય, ન ભાઈ દેખાય. જેને કામેચ્છા જાગે તેને ન કોઈનો ડર લાગે, ન કોઈની શરમ નડે. જેને વિદ્યા પ્રાપ્તિની તડપ જાગે તેના જીવને ન શાંતિ હોય, ન ઊંઘ આવે. જેને ભૂખ લાગે તે ન રૂચિ જૂએ કે ન શું સમય થયો છે તે જૂએ.

**अल्पकार्यकरा: सन्ति ये नरा बहुभाषिण: ।**
**शरत्कालिनमेघास्ते नूनं गर्जन्ति केवलं ।।**

ઓછું કામ કરવાવાળા બહુ બોલ બોલ કરતા થઈ જાય. શરદ ઋતુમાં મેઘરાજા વરસે ઓછું ને ગરજે વધુ.

**अश्वस्य भूषणं वेगो मत्तं स्याद् गजभूषणम् ।**
**चातुर्यम् भूषणं नार्या उद्योगो नरभूषणम् ।।**

ઘોડાનું ભૂષણ વેગ છે, હાથીનું ભૂષણ મદ છે. ચતુરાઈ એ નારીનું ભૂષણ છે તો જહેમત (પુરુષાર્થ) નરનું ભૂષણ છે.

**अष्टादशपुराणेषु व्यासस्य वचनद्वयम् ।**
**परोपकार: पुण्याय पापाय परपीडनम् ।।**

અઢાર પુરાણનો સાર વ્યાસ મુનિના બે વચનોમાં સમાઈ જાય છેઃ પરોપકાર કરવો એ પૂણ્ય છે અને પરપીડન કરવું એ પાપ છે.

**अहिंसा परमो धर्म: ।**

અહિંસા સૌથી મોટો ધર્મ છે.

**अहो दुर्जनसंसर्गात् मानहानि: पदे पदे ।**
**पावको लोहसङ्गेन मुद्गरैरभिताड्यते ।।**

ખોટા માણસોની સાથે રહેવાથી ડગલે ને પગલે માર ખાવો પડે છે. સોનું પણ આગ અને લોખંડ જેવા પદાર્થોના સંપર્કમાં આવે ત્યારે તેની ઉપર હથોડીથી ધડાધડ પ્રહારો પડવા શરૂ થઈ જાય છે.

**आकारैणैव चतुरा: तर्कयन्ति परेङ्गितम् ।**
**गर्भस्थं केतकीपुष्पमामोदेनेव षट्पदा: ।।**

હોંશિયાર માણસોને બાહ્ય આકાર જોઈને અંદર શું હશે તેની ખબર પડી જાય છે. ભમરો સુગંધ પરથી જ કેતકી પુષ્પની કળીને પારખી લે છે.

**आतुरे व्यसने प्राप्ते दुर्भिक्षे शत्रुसंकटे ।**
**राजद्वारे श्मशाने च यस्तिष्ठति स बान्धव: ।।**

સંકટના સમયે, દુષ્કાળમાં, શત્રુની ઉપાધિમાં, રાજ દરબારમાં અને સ્મશાનમાં આપણી બાજુમાં ઊભો રહે તે જ સાચો સગો છે.

**आत्मनः मुखदोषेण बध्यन्ते शुकसारिकाः ।**
**बकास्तत्र न बध्यन्ते मौनं सर्वार्थसाधनम् ।।**

મૌનથી બધા હેતુ સરે છે. બોલબોલ કરવાના પોતાના વાંકે પોપટ તથા મેનાને પાંજરામાં પૂરાવું પડે છે જ્યારે મૌન રહેતા બગલાને કોઈ બંધન સહન કરવું પડતું નથી.

**आत्मनो गुरुः आत्मैव पुरुषस्य विशेषतः यत ।**
**प्रत्यक्षानुमानाभ्याम श्रेयसवनुबिन्दते ।।**

આપણે જ આપણા ગુરુ છીએ કેમકે આપણે જ આપણને શીખવતા હોઈએ છીએ. પ્રત્યક્ષ અનુભવ અને અનુમાનથી વધુ સારું શું છે તેનો આપણને ખ્યાલ આવી જાય છે.

**आत्मपक्षं परित्यज्य परपक्षेषु यो रतः ।**
**स परैर्हन्यते मूढः नीलवर्णशृगालवत् ।।**

પંચતંત્રની એક વાર્તાનો સારાંશ છેઃ જે માણસ પોતાનો પક્ષ છોડી બીજાના પક્ષમાં રચ્યોપચ્યો રહે તે મૂર્ખ નીલરંગી શિયાળની માફક માર્યો જાય છે.

**आलस्यं हि मनुष्याणां शरीरस्थो महारिपुः ।**
**नास्त्युद्यमसमो बन्धुः कुर्वाणो नावसीदति ।।**

આળસ એ માણસના શરીરમાં રહેલો તેનો મોટો શત્રુ છે. ઉદ્યમ જેવો કોઈ બંધુ નથી. ઉદ્યમ કરનારો કદી નાશ પામતો નથી.

**आशा नाम मनुष्याणां काचिदाश्चर्यशृङ्खला ।**
**यया बद्धाः प्राधावन्ति मुक्तास्तिष्ठन्ति पङ्गुवत् ।।**

આશા નામનું મનુષ્યનું બંધન ભારે અદ્‌ભૂત બંધન છે, આ બંધનથી બંધાયેલો માણસ દોડવા લાગે છે તો આ બંધનથી મુક્ત થયેલ માણસ અપંગની જેમ સ્થિર થઈ જાય છે !

**आस्ते भग आसीनस्य ऊर्ध्वस्तिष्ठति तिष्ठतः ।**
**शेते निपद्यमानस्य चराति चरतो भगः ।।**

મહાભારતનો શ્લોક છેઃ જે માણસ કામ કર્યા વિના બેઠો રહે તેનું નસીબ બેઠેલું રહે છે. જે ઊભો ઊભો વિચાર કર્યા કરે છે તેનું નસીબ પણ ઊભું જ રહી જાય છે. જે માણસ ઊંઘી જાય તેનું નસીબ ઊંઘી જાય છે પણ જે ચાલતો જ રહે તેનું નસીબ ચાલવા લાગે છે.

**आहारनिद्राभयमैथुनं च सामान्यमेतत् पशुभिर्नराणाम् ।**
**धर्मो हि तेषाम् अधिकोविशेषो धर्मेण हीना: पशुभि: समाना: ।।**

આહાર, નિદ્રા, ભય અને મૈથુનની બાબતમાં પશુ અને માણસમાં કોઈ ફરક નથી. માણસમાં ધર્મ એક એવી ચીજ છે જે પશુમાં હોતી નથી. આથી ધર્મ વિનાનો માણસ પશુ જેવો જ લેખાય.

**इदमद्य करिष्यामि श्व: कर्तास्मि इति वादिनम् ।**
**कालो हरति संप्राप्तो नदीवेग इव द्रुमम् ।।**

જેમ નદીમાં આવેલું પૂર પોતાના વેગમાં વૃક્ષને તાણી જાય છે તેમ આ કામ આજે કરીશ, આ કામ કાલે કરીશ એવી વાતો કરનારાને સમયનું પૂર પોતાની સાથે ખેંચી જાય છે.

**ईशावास्यमिदं सर्वं यत् किञ्च जगत्यां जगत् ।**
**तेन त्यक्तेन भुन्जीथा मा गृध: कस्यस्विद् धनम् ।।**

ઈશાવાસ્ય ઉપનિષદનો તત્ત્વજ્ઞાનીઓને ખૂબ જ પ્રિય એવો શ્લોક. જડ અને ચેતનતત્વના બનેલા આ જગતના અણુંએ અણુંમાં ઈશ્વર છે અને તે જ તેનો સ્વામી છે. આ જગતને માણ પણ ત્યાગના ભાવ સાથે માણ. એવું માનતો નહિ કે તારા એકલાની કોઈ ચીજ છે. જે કંઈ છે તેના પર અન્યનો પણ એટલો જ અધિકાર છે. અન્યના અધિકારને કદી છીનવી લેતો નહિ.

**उत्तमो नातिवक्ता स्यात् अधमो बहु भाषते ।**
**न काञ्चने ध्वनिस्तादृक् यादृक् कांस्ये प्रजायते ।।**

નકામો માણસ બહુ બોલ બોલ કરે એટલે ઉત્તમ વકતા બની જતો નથી. સોનાનો જેટલો અવાજ આવે તેના કરતાં કાસાનો અવાજ અનેકગણો આવે છે.

**उत्पद्यन्ते विलीयन्ते दरिद्राणां मनोरथाः ।**

ગરીબ માણસને મનમાં ઈચ્છાઓ જાગતી રહે ને ભૂલાતી રહે. તેનું પરિણામ કંઈ ન આવે.

**उत्साहो बलवानार्य नास्त्युत्साहात्परं बलम् ।**
**सोत्साहस्य च लोकेषु न किंचिदपि दुर्लभम् ।।**

ઉત્સાહમાં ખૂબ બળ હોય છે. ઉત્સાહથી વધુ મોટું બળ કોઈ નથી. એટલે ઉત્સાહી માણસો માટે કોઈ કામ અઘરું નથી.

**उदये सविता रक्तो रक्तश्चास्तमने तथा ।**
**सम्पत्तौ च विपत्तौ च साधूनामेकरूपता ।।**

ઊગતો સૂરજ લાલ રંગનો હોય છે, આથમતો સૂરજ પણ લાલ રંગનો જ હોય છે. સજજન માણસના રંગ ઢંગ સુખમાં કે દુઃખમાં સરખા જ રહે છે.

**उदारस्य तृणं वित्तं शूरस्य मरणं तृणं ।**
**विरक्तस्य तृणं भार्या निस्पृहस्य तृणं जगत् ।।**

ઉદાર માણસને ધનનું મહત્વ તણખલા જેટલુ હોય છે, શૂરવીર માણસને મોત તણખલા જેટલું તુચ્છ લાગે છે, સંસારમાં રસ ન હોય તેવા માણસને પત્નીની કોઈ કીંમત હોતી નથી તો જે નિસ્પૃહી માણસ છે તેને આખું જગત તણખલા જેવું નકામુ લાગે છે.

**उद्यमस्साहसं धैर्यं बुद्धिश्शक्तिः पराक्रमः ।**
**षड् एते यत्र वर्तन्ते देवः तत्र सहायकृत् ।।**

જ્યા ઉધમ, સાહસ ધૈર્ય, બુદ્ધિ, શક્તિ અને પરાક્રમ એ છ બાબત હોય ત્યાં પ્રભુની બધી મદદ મળી રહે છે.

**उद्यमेन हि सिद्ध्यन्ति कार्याणि न मनोरथैः ।**
**न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः ।।**

માત્ર મનના ઘોડા દોડાવ્યે નહીં, મહેનત કરવાથી જ કામ થાય. સિંહ જો સૂતો રહે તો એના મોંમા શિકાર થવા હરણો સામેથી ન આવે.

**उपकारोऽपि नीचानां अपकारो हि जायते ।**
**पय:पानं भुजङ्गानां केवल विषवर्धनम् ।।**

અધમ માણસ પર ઉપકાર કરો તો તેના બદલે અપકાર જ મળે. સાપને દૂધ પીવડાવો તો તેનું ઝેર ઓર વધે.

**एकेनापि सुवृक्षेण पुष्पितेन सुगन्धिना ।**
**वासितं तद्वनं सर्वम् सुपुत्रेण कुलं यथा ।।**

એક સુંદર પુષ્પ આખા ઝાડને સુગંધથી મઘમઘતું કરી દે છે. એવી જ રીતે એક સુપુત્રથી આખા કુટુંબનું નામ રોશન થઈ જાય છે.

**कन्या वरयते रुपं माता वित्तं पिता श्रुतम् ।**
**बान्धवाः कुलमिच्छन्ति मिष्टान्नम् इतरेजनाः ।।**

લગનની પસંદગીમાં કન્યા રૂપને, માતા સંપત્તિને, પિતા શિક્ષણને અને ભાઈઓ કુળને મહત્વ આપે છે. બાકીના બધાને તો મિષ્ટાનમાં શું ખાવા મળશે એ વાતમાં જ રસ હોય છે.

**कर्ता कारयिता चैव प्रेरकश्च अनुमोदकः ।**
**सुकृते दुष्कृते चापि चत्वारः समभागिनः ।।**

કોઈ કામ ભલે સારું હોય કે ખરાબ પણ તે કામ કરનાર, તે કામ કરાવનાર, તે કામની પ્રેરણા આપનાર અને તે કામનું સમર્થન કરનાર એ ચારે જણ તે કામના સરખા ભાગીદાર ગણાય.

**काकः कृष्णः पिकः कृष्णः को भेदः पिककाकयोः ।**
**वसन्तसमये प्राप्ते काकः काकः पिकः पिकः ।।**

કાગડો કાળો હોય છે, કોયલ પણ કાળી હોય છે. બન્ને વચ્ચે ફરક શું છે ? વસંત ઋતુ આવ્યે કાગડાનું કાગડાપણું અને કોયલનું કોયલપણું આપમેળે પરખાઈ આવે છે.

**काकचेष्टा बकोध्यानं श्वाननिद्रा तथैव च ।**
**अल्पहारी गृहत्यागी विद्यार्थी पंचलक्षणम् ।।**

સાચા વિદ્યાર્થીના આ પાંચ લક્ષણ છેઃ કાગડા જેવી ચકોર નજર, બગલા જેવું પાકું ધ્યાન, શ્વાન જેવી અલ્પ નિદ્રા, ઓછો આહાર અને ઘરની માયાનો ત્યાગ.

**काकस्य कति दन्ता वा मेषस्याण्डे कियत्पलम् ।**
**गदर्भे कति रोमाणि व्यर्थैषा विचारणा ।।**

કાગડાની ચાંચમાં દાંત કેટલા છે ? દેડકાએ ઈંડા કેટલા મૂક્યા છે? ગધેડાના શરીર પર વાળ કેટલા છે ? એવી તદ્દન વ્યર્થ ગણતરીઓ કર્યા કરવાનો કોઈ મતલબ નથી.

**कान्तावियोग: स्वजनापमानं ऋणस्य शेषं कुनृपस्य सेवा ।**
**दारिद्र्यभावाद् विमुखं च मित्रं विनाग्निना पञ्च दहन्ति कायम् ।।**

પ્રિય વ્યક્તિનો વિયોગ, સ્વજન પાસેથી મળેલું અપમાન, ચૂકવવું બાકી રહેતું દેવું, ખરાબ માલિકની નોકરી અને ગરીબાઈના કારણે મિત્ર ખોઈ બેસવો એ પાંચ વસ્તુ એવી છે કે જે તમને અગ્નિ વિના સતત બાળતી રહે.

**कार्यार्थीर् भजते लोक: यावत्कार्यम् न सिध्यति ।**
**उत्तीर्णे च परे पारे नौकाया किं प्रयोजनम् ।।**

જ્યાં સુધી ધારેલું કામ નીકળી ન જાય ત્યાં સુધી માણસ બીજાને ભજે છે. એક વખત નદી પાર ઉતરી ગયા પછી હોડકું શું કામ આવે ?

**कार्येषु मन्त्री करणेषु दासी भोज्येषु माता शयनेषु रम्भा ।**
**धर्मानुकूला क्षमया धरित्री भार्या च षाड्गुण्यवतीह दुर्लभा ।।**

મહત્વના કામમાં મદદનીશ, ઘરના કામમાં નોકરાણી, ભોજન કરાવવામાં માતા, સહશયનમાં અપ્સરા, ધર્મની બાબતમાં સહધર્મિણી અને ધરતી જેટલી ક્ષમાશીલ આ છ ગુણ ધરાવતી પત્ની મળવી દુર્લભ છે.

**काले मृदुर यो भवति काले भवति दारुण: ।**
**स वै सुखम् अवाप्नोति लोकेऽमुष्मिन्न् इहैव च ।।**

જે માણસ સમય આવ્યે મૃદુ બની શકે અને સમય આવ્યે આકરો બની શકે તે જ આ લોકમાં સુખી થઈ શકે.

**कालो वा कारणं राज्ञ: राजा वा कालकारणं ।**
**इति ते संशयो मा भूत् राजा कालस्य कारणम् ।।**

સૂચિત અર્થઃ તમે જે કંઈ છો તે સંજોગોને કારણે છો કે તમારી આજુબાજુ જે સંજોગો છે તે તમારે કારણે છે એવી કોઈ શંકા મનમાં રાખશો નહિ. તમારા સંજોગો તમારા કારણે જ છે. તમે જ તેના સ્વામી છો. સમયના કારણે રાજા નથી, રાજાના કારણે સમય છે.

**काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम् ।**
**व्यसनेन तु मूर्खाणां निद्रया कलहेन वा ।।**

બુદ્ધિમાન માણસનો સમય કાવ્ય, સાહિત્ય ને શાસ્ત્રની ચર્ચામાં પસાર થાય છે. જ્યારે મૂર્ખ માણસ વ્યસનના સેવનમાં, ઊંઘવામાં કે ઝગડા કરવામાં પોતાનો સમય વેડફે છે.

**किम् अशक्यं बुद्धिमतां किम् असाध्यं निश्चयं दृढं दधताम् ।**
**किम् अशक्यं प्रियवचसां किम् अलभ्यम् इहोद्यमस्थानाम् ।।**

જેમની પાસે બુદ્ધિ છે તેમના માટે કશું અશક્ય નથી. જેમનો નિશ્ચય દ્રઢ છે તેમના માટે કશું અસાધ્ય નથી. જેમની વાણી મીઠી છે તેઓ કોઈપણ કામ કરાવી શકે છે. જેઓ ઉદ્યમશીલ છે તેમના માટે કોઈ વસ્તુ અલભ્ય નથી.

**कृतस्य करणं नास्ति मृतस्य मरणं तथा ।**
**गतस्य शोचना नास्ति ह्येतद् वेदविदां मतम् ।।**

જે કામ થઈ ગયું તે થઈ ગયું. તે કામ નથી થયું એવું થઈ શકતું નથી. જેમકે કોઈનું મરણ થઈ જાય તે થઈ જાય. તેને પાછું પલટાવી શકાય નહિ. એટલે જ વેદના જાણકારોનો મત છે કે વીતી ગયેલી વાતનો શોક કરવો ન જોઈએ.

**कृपणेन समो दाता न भूतो न भविष्यति ।**
**अस्पृशन्नेव वित्तानि य: परेभ्य: प्रयच्छति ।।**

કૃપણ જેટલો મોટો દાનવીર આ જગતમાં થયો નથી અને થશે નહિ કેમકે કૃપણ પોતાનું બધું ધન આખી જિંદગી સુધી હાથથી સ્પર્શ પણ કર્યા વિના સાચવી રાખીને બીજાને આપી દે છે.

**केयूराणि न भूषयन्ति पुरुषं हारा न चन्द्रोज्ज्वला:**
**न स्नानं न विलेपनं न कुसुमं नालंकृता मूर्धजा: ।**
**वाण्येका समलंकरोति पुरुषं या संस्कृता धार्यते**
**क्षीयन्ते खलु भूषणानि सततं वाग्भूषणं भूषणम् ।।**

માણસ શોભે શેનાથી? હાથમાં પહેરેલા સુંદર બાજુબંધથી? ગળામાં પહેરેલા ચંદ્રસમા ઊજળા હારથી? સ્નાનથી મળતી સ્વચ્છતાથી? દેહ પર લગાડેલા વિલેપનથી? પુષ્પોથી? વાળની સરસ ગૂંથણીથી? હા, શોભાની આ બધી ચીજો જરૂર સારી લાગે છે પણ તેનાથી અનેકગણી ચડિયાતી શોભા તેના મુખમાંથી નીકળતી સંસ્કાર વાણીની છે. સંસ્કારપૂર્ણ વાણીની શોભા પાસે અન્ય બધી શોભા ઝાખી પડી જાય છે.

**को न याति वंश लोके मुखे पिण्डेन पूरित: ।**
**मृदङ्गो मुखलेपेन करोति मधुरध्वनिम् ।।**

'ખવડાવો' તો કોણ તમારા વશમાં ન આવે ? મૃદંગના મોઢે લેપ કરો તો તેમાંથી પણ મધુર અવાજ આવવો શરૂ થઈ જાય છે.

**को हि भार: समर्थानां किम् दूरं व्यवसायिनाम् ।**
**को विदेश: सविद्यानां क: पर: प्रियवादिनाम् ।।**

તાકાતવર માણસને ભાર ઉપાડવો ભારે ન પડે. ધંધો કરતો હોય તેને કોઈ સ્થળ દૂર ન લાગે. જેની પાસે વિદ્યા હોય તેને દેશ કે પરદેશ સરખાં જ લાગે. જે સરસ મીઠી વાતો કરે તેને કોઈ પારકું ન રહે.

**क्रोधाद्भवति संमोह: संमोहात्स्मृतिविभ्रम: ।**
**स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ।।**

ભગવત ગીતાના આ શ્લોકમાં ભગવાન અર્જુનને ઉપદેશ આપતા સમજાવે છે કે ક્રોધથી ભાન ભૂલી જવાય છે. ભાન ભૂલેલા માણસને યાદ રાખવા જેવી વાતો યાદ આવતી નથી. આ વિસ્મૃતિને કારણે મગજ કામ કરતું નથી અને જેનું મગજ કામ ન કરે તેનું સાવ ધનોતપનોત નીકળી જાય છે.

**कः कालः कानि मित्राणि को देशः को व्ययागमौ ।**
**कस्याहं का च मे शक्तिरिति चिन्त्यं पुनः पुनः ।।**

અત્યારે સંજોગો કેવા છે, કોણ મારા મિત્રો છે, હું ક્યા વિસ્તારમાં રહું છું, મારી આવક અને ખર્ચ કેટલા છે, હું કોણ છું, અને મારી શક્તિ કેટલી છે– આ છ બાબતો દરેક માણસે ફરી ફરી જોતાં રહેવું જોઈએ.

**खद्योतो द्योतते तावद् यवन्नोदयते शशी ।**
**उदिते तु सहस्त्रांशौ न खद्योतो न चन्द्रमाः ।।**

જ્યાં સુધી ચંદ્રમાં ઊગતો નથી ત્યાં સુધી આગિયો ચમકે છે. એક વખત સૂરજ ઊગે પછી ન તો ચંદ્રનો કોઈ ભાવ પૂછે કે ન તો આગિયાનો કોઈ પત્તો લાગે છે.

**खलः करोति दुर्वृत्तं नूनं फलति साधुषु ।**
**दशाननोऽहरत् सीतां बन्धनं तु महोदधेः ।।**

એવું ઘણી વખત બને છે કોઈ ખરાબ માણસ ખોટું કામ કરે પણ તેનું ખરાબ પરિણામ સારા માણસે વેઠવું પડે. દશ માથાવાળો રાવણ સીતાનું હરણ કરી ગયો પણ બંધન સમુદ્રને વેઠવાનો વારો આવ્યો.

**गहना कर्मणो गति: ।**

કર્મની ગતિ ગહન છે. સમજી શકાતી નથી.

**गुणवज्जनसंसर्गात् याति नीचोऽपि गौरवम् ।**
**पुष्पमालाप्रसङ्गेन सूत्रम् शिरसिधार्यते ।।**

ગુણવાન માણસોના સંસર્ગમાં રહેવાથી ઓછી લાયકાતવાળા માણસોને પણ ગૌરવ મળી જાય છે. પુષ્પમાળામાં રહેવાને કારણે સાધારણ દોરાને પણ ગળામાં માનભર્યું સ્થાન મળે છે.

**गुणैरुत्तमतांयाति नोच्चैरासनसंस्थित: ।**
**प्रासादशिखरस्थोपि काक: किं गरुडायते ।।**

કોઈપણ માણસની લાયકાત તે ક્યા સ્થાને બિરાજે છે તેના પરથી નહિ પણ તેના ગુણો કેવાં છે તે આધારે જ અંકાય. કોઈ કાગડો ઊડીને ઊંચા મહેલના શિખર પર બેસી જાય એટલે તે ગરૂડ થોડો થઈ જાય ?

**घटं भिन्द्यात् पटं छिन्द्यात् कुर्याद्रासभरोहणम् ।**
**येन केन प्रकारेण प्रसिद्ध: पुरुषो भवेत् ।।**

ઘરના વાસણ ફોડીને, પોતે પહેરેલા કપડાં ફાડીને, ગધેડા ઉપર સવારી કરીને કે એક યા બીજી કોઈ રીતે (પ્રસિદ્ધિ ભૂખ્યા) માણસો પ્રસિદ્ધિ મેળવે છે જ.

**चक्रवत्परिवर्तन्ते दु:खानि च सुखानि च ।**
**नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण ।।**

સુખ અને દુઃખ વારાફરતી આવ્યા જ કરે છે. ગોળ ગોળ ફરતા ચકડોળમાં જેમ જે નીચે હોય તે ઉપર આવે અને જે ઉપર હોય તે નીચે જાય તેવું જ સુખ દુઃખનું છે. એ ચક્ર ચાલતું જ રહે છે.

**घृष्टं घृष्टं पुनरपि पुनश्चन्दनं चारुगन्धम् ।**
**छिन्नं छिन्नं पुनरपि पुन: स्वादु चैवेक्षुकाण्डम् ।**
**दग्धं दग्धं पुनरपि पुन: काञ्चनं कान्तवर्णम् ।**
**प्राणान्तेऽपि हि प्रकृतिविकृतिर्जायते नोत्तमानाम् ।।**

ચંદનને ગમે તેટલી વાર ઘસો પણ તે દરેક વખતે મનોહર સુગંધ જ આપશે. શેરડીમાં ગમે તેટલાં કાપા મૂકો પણ દરેક વખતે તેનો રસ મીઠોને મીઠો જ રહેશે, સોનાને ચાહે તેટલી વાર તપાવો પણ તેનો સોનેરી રંગ ઝાંખો પડશે નહિ. જે ઉત્તમ પ્રકૃતિ ધરાવતા હોય તેઓ મરી જાય પણ કદી પોતાની ઉત્તમ પ્રકૃતિને ન છોડે.

**चिन्तनीया हि विपदां आदावेव प्रतिक्रिया ।**
**न कूपखननं युक्तं प्रदिप्ते वान्हिना गृहे ।।**

સંકટ આવે તે પહેલા જ તેનો ઈલાજ વિચારી રાખવો જોઈએ. આગ લાગે પછી કૂવો ખોદવા ન બેસાય.

**छिन्नोऽपि रोहति तरुः क्षीणोऽप्युपचीयते पुनश्चन्द्रः ।**
**इति विमृशन्तः सन्तः सन्तप्यन्ते न विप्लुता लोके ।।**

ભર્તુહરિના નીતિશતકનો આ શ્લોક છેઃ વૃક્ષને કાપો તો તે ફરી ફરી વધે છે. ચંદ્ર ક્ષીણ થયા પછી પાછો વધતો જાય છે. આ બધી વાત યાદ રાખી સંત માણસો દુઃખમાં પણ સંતાપ પામતા નથી.

**जले तैलं खले गुह्यां पात्रे दानं मनागपि ।**
**प्राज्ञे शास्त्रं स्वयं याति विस्तार वस्तुशक्तितः ।।**

ઘણી બાબતો તેના મૂળભૂત ગુણધર્મને કારણે આપ મેળે વિસ્તાર પામે છે. જેમ કે પાણીની ઉપર નાખેલું તેલ, દુષ્ટ માણસને કહેવામાં આવેલી ખાનગી વાત, સુપાત્રને આપેલું નાનું સરખું દાન, ડાહ્યા માણસને મળેલું જ્ઞાન આ બધું આપમેળે ફેલાયા કરે છે.

## जीवो जीवस्य जीवनम् ।

આ જગતમાં દરેક જીવનું જીવન બીજા જીવને આધારે જ ચાલે છે.

**ज्येष्ठत्वं जन्मना नैव गुणैज्र्येष्ठत्वमुच्यते ।**
**गुणात् गुरुत्वमायाति दुग्धं दधि घृतं क्रमात् ।।**

મહાનપણું જન્મથી મળતું નથી. ધીમે ધીમે ગુણોનાં સંચય વડે મહાન થવાય છે. ઘીનો જ દાખલો લો. ઘી સીધું બનતું નથી. દૂધનું દહીં, છાશ, માખણ થયા પછી છેવટે ઘી બને છે.

**तत् कर्म यत् न बन्धाय सा विद्या या विमुक्तये ।**
**आयासाय अपरं कर्म विद्या अन्या शिल्पनैपुणम् ।।**

વિષ્ણુપુરાણનું આ કથન છે. ભાવાર્થ છે કે જે કર્મ મનુષ્યને (ભવના) બંધનમાં ન બાંધે તે સાચું કર્મ છે. જે વિદ્યા (ભવના) બંધનમાંથી મુક્તિ અપાવે તે સાચી વિદ્યા છે. બાકીના કર્મ તો માત્ર કષ્ટનું કારણ બને છે અને બાકીની વિદ્યા ફક્ત શોભાના ગાંઠીયા જેવી છે.

**तावत् भयस्य भेतव्यं यावत् भयं न आगतम् ।**
**आगतं हि भयं वीक्ष्य प्रहर्तव्यं अशंकया ।।**

પંચતંત્રમાં અપાયેલી સોનેરી સલાહઃ જ્યાં સુધી ભય સામે ન આવે ત્યાં સુધી ભયથી ડરવું જોઈએ ને એનાથી દૂર રહેવું જોઈએ પણ એક વખત ભય ઉપસ્થિત થાય કે તુરંત અચકાયા વિના તેના પર પ્રહાર કરવો જોઈએ.

**त्यजेद् धर्मं दयाहीनं विद्याहीनं गुरुं त्यजेत् ।**
**त्यजेत् क्रोधमुखीं भार्यां नि:स्नेहान् बान्धवांस् त्यजेत् ।।**

જેમા દયાને સ્થાન ન હોય તેવો ધર્મ છોડી દેવો જોઈએ. જેની પાસે વિદ્યા ન હોય તેવા ગુરુનો ત્યાગ કરવો જોઈએ. સદા ક્રોધ કરતી પત્નીને છોડવી જોઈએ અને આપણા માટે સ્નેહભાવ ન ધરાવતા ભાઈને વહેતો મૂકી દેવો જોઈએ.

**स्त्रियाचरित्रं पुरुषस्य भाग्यं ।**
**दैवो न जानाति कुतो नरम् ।।**

સ્ત્રીના બાહ્ય વર્તનની પાછળ અને પુરુષના ભાગ્યની અંદર શું છૂપાયેલું છે તે દેવો પણ જાણી શકતા નથી તો સાધારણ માણસને તો ક્યાંથી ખબર પડે.

**दर्शने स्पर्शणे वापि श्रवणे भाषणेऽपि वा ।**
**यत्र द्रवत्यन्तरङ्गं स स्नेह ज़ति कथ्यते ।।**

જેના દર્શન કરવાથી, જેનો સ્પર્શ થવાથી, જેનું બોલેલું સાંભળતા કે જેને કૈંક કહેવા જતાં તમારું હૃદય ઓગળવા લાગે ત્યારે સમજવું કે તમને તેના માટે સ્નેહના અંકુર ફૂટી ગયા છે.

**दाता लघुर् अपि सेव्यो भवति**
**न कृपणो महान् अपि समृद्ध्या ।**
**कूपोऽन्तः स्वादुजलः प्रीत्यै लोकस्य न समुद्रः ।।**

દાતા ગમે તેટલો નાનો હોય તો પણ માનને લાયક ગણાય. કૃપણ માણસ ગમે તેટલો સમૃદ્ધ હોય છતાં નકામો ગણાય. કુવો નાનો હોવા છતાં પીવા માટે મીઠું પાણી આપે છે. દરિયા પાસે ક્યારેય ખૂટે નહિ તેટલો પાણીનો ભંડાર છે પણ તરસ્યાને તે ભંડાર શું કામનો ?

**दुर्जनः परिहर्तव्यः विद्यया अलङ्कृतोऽपि सन् ।**
**मणिना भूषितः सर्पः किम् असौ न भयङ्करः ।।**

દુર્જન માણસ પાસે વિદ્યા ને જ્ઞાનનો ભંડાર હોય તો પણ તેનાથી દૂર રહેવું. નાગની ફેણ પર મણિ હોય એટલે તે કંઈ ઓછો ભયંકર થઈ જતો નથી.

**दानं भोगो नाशस्तिस्त्रो गतयो भवन्ति वित्तस्य ।**
**यो न ददाति न भुङ्क्ते तस्य तृतीय गतिर्भवति ।।**

ભર્તુહરિનું આ કથન છેઃ દાન, ભોગ અને નાશ એ ત્રણ માર્ગે જ ધન જઈ શકે છે.જે માણસ દાન ન આપે કે ઉપભોગ ન કરે તેનું ધન ત્રીજા માર્ગે જાય છે એટલે કે નાશ પામે છે.

**दुर्जन: प्रियवादीति नैतद्विश्वासकारणम् ।**
**मधु तिष्ठति जिव्हाग्रे हृदये तु हलाहलम् ।।**

દુર્જન માણસ મીઠી મીઠી વાત કરે એટલે તેના પર ભરોસો મૂકી ન દેવાય કેમકે તેની જીભ પર ભલે મધ પાથરેલું હોય પણ તેના દિલમાં નકરું ઝેર જ ભરેલું હોય છે.

**दुर्जनस्य च सर्पस्य वरं सर्पो न दुर्जन: ।**
**सर्पो दशति कालेन दुर्जनस् तु पदे पदे ।।**

દુર્જન અને સર્પ એ બન્નેમાં સર્પ વધુ સારો કેમકે સર્પ તો ક્યારેક દંશ આપે પણ દુર્જન ડગલે પગલે ડંખ્યા જ કરે.

**दुर्जनेन समं सख्यं द्वेषश्चापि न कारयेत् ।**
**उष्णो दहति चाङ्गार: शीत: कृष्णायते करम् ।।**

દુર્જનો સાથે દોસ્તી કે દુશ્મની કંઈ ન કરાય. કોલસો ગરમ થાય તો હાથ દઝાડે અને ઠંડો થાય તો હાથ કાળા કરે.

**दुर्बलस्य बलं राजा बालानां रोदनं बलम् ।**
**बलं मूर्खस्य मौनित्वं, चौराणाम् अनृतम् बलम् ।।**

દુબળા માણસનું બળ રાજા છે. બાળકોનું બળ રૂદન છે. મૂર્ખ માણસનું બળ મૌન છે અને જુઠ્ઠાણું ચોરનું બળ છે.

**दूरस्था: पर्वता: रम्या: वेश्या: च मुखमण्डने ।**
**युध्यस्य तु कथा रम्या त्रीणि रम्याणि दूरत: ।।**

ડુંગર દૂરથી રળીયામણા લાગે. વારાંગનાનું મુખ આઘેથી સારું દેખાય. લડાઈની વાતો ફક્ત સાંભળવામાં સારી લાગે. આ ત્રણેય આઘા સારા બાકી તેમનો અનુભવ લેવા જઈએ તો ખોખરા થઈ જઈએ.

**दूरस्थोऽपि न दूरस्थो यो यस्य मनसि स्थित: ।**
**यो यस्य हृदये नास्ति समीपस्थोऽपि दूरत: ।।**

ચાણક્યે સરળ ભાષામાં કહેલું સનાતન સત્ય : જેનુ સ્થાન આપણાં હૈયામાં અવિચળ હોય તે ભલે ગમે તેટલો દૂર હોય પણ તે કદી દૂર હોતો નથી. જેને માટે આપણા હૈયામાં કોઈ સ્થાન નથી તે ભલે આપણી સામે ઊભો હોય પણ તે દૂરનો દૂર જ રહે છે.

दृष्टिपूतं न्यसेत्पादं वस्त्रपूतं जलं पिबेत् ।
सत्यपूतं वदेद्वाचं मनः पूतं समाचरेत् ।।

આ પણ ચાણક્યનો ઉપદેશ છે : જીવનમાં દરેક પગલું જોઈ જોઈને મૂકવું. પાણી પીવું હોય તો ગાળીને પીવું. જે કંઈ બોલીએ તે સાચું છે કે નહિ તેનો વિચાર કરીને બોલવું અને જીવનમાં જે કંઈ કામ કરીએ તે આપણા મનને પૂછીને કરવા કે હું જે કંઈ કરું છું તે બરાબર છે કે નહિ.

धनधान्यप्रयोगेषु विद्यासङ्ग्रहणेषु च ।
आहारे व्यवहारे च त्यक्तलज्जस्सुखी भवेत् ।।

ધન–ધાન્ય ભેગા કરવામાં, વિદ્યા પ્રાપ્તિમાં, જમવામાં અને વ્યવહારિક બાબતોમાં જે માણસ ખોટી શરમ છોડી દે તે સુખી થાય.

धिक् तस्य जन्म यो लोके पित्रा विज्ञायते नरः ।

જે માણસ પોતાના કાર્યના લીધે નહિ પણ પિતાના નામને લીધે જાણીતા બને છે તેનો જન્મ વૃથા છે.

**न कश्चित् कस्यचित् मित्रं न कश्चित् कस्यचित् रिपु: ।**
**कारणेनैव जायन्ते मित्राणि रिपवोऽपि वा ।।**

અમસ્તા અમસ્તા કોઈ કોઈના મિત્ર કે શત્રુ થઈ જતાં નથી. જ્યારે કોઈ કારણ ઉપસ્થિત થાય ત્યારે જ મિત્ર કે શત્રુનો ઉદ્‌ભવ થાય છે.

**न कालस्य प्रिय: कश्चिन्न द्वेष्योऽपि कपीश्वर ।**
**काल: कालयते सर्वान्सर्व: कालेन बध्यते ।।**

કાળને માટે કોઈ પ્રિય કે અપ્રિય નથી. કાળ બધાને ખાઈ જાય છે. બધા લોકો કાળના બંધનમાં બંધાયેલા છે.

**न च विद्यासमो बन्धु: न च व्याधिसमो रिपु: ।**
**न चापत्यसमो स्नेह: न च धर्मो दयापर: ।।**

વિદ્યા સમાન કોઈ બંધુ નથી. ચિંતા જેવો કોઈ દુશ્મન નથી. સંતાન પ્રેમ સમો કોઈ સ્નેહ નથી. દયાથી ઊંચો કોઈ ધર્મ નથી.

**न चोरहार्यं न च राजहार्यं न भ्रातृभाज्यं न च भारकारी ।**
**व्यये कृते वर्धत एव नित्यं विद्याधनं सर्वधनप्रधानम् ।।**

બધા પ્રકારના ધનમાં વિદ્યારૂપી ધન સૌથી ચડે કેમકે ચોર તેની ચોરી કરી શકતા નથી, રાજા તે છીનવી શકતો નથી, ભાઈઓ તેમાંથી પોતાનો ભાઈભાગ પડાવી શકતા નથી, તે બોજરૂપ બનતું નથી, તે વાપરવાથી તે વધે છે અને તેનો કદી નાશ થતો નથી.

**न जातु कामः कामानामुपभोगेन शाम्पति ।**
**हविषा कृष्णमत्र्मेव भुय एवाभिवर्धते ।।**

આપણી ઈચ્છાને આપણે ગમે તેટલી વખત સંતોષીએ પણ તેથી ઈચ્છા શાંત પડી જતી નથી. યજ્ઞની અંદર આહુતિ હોમવાથી અગ્નિનું જોર વધે છે, ઘટતું નથી.

**न देवा दण्डमादाय रक्षन्ति पशुपालवत् ।**
**यं तुं रक्षितुमिच्छन्ति बुद्ध्या संविभजन्ति तम् ।।**

ભરવાડને ઢોરનું રક્ષણ કરવું હોય તો તે હાથમાં લાકડી લઈ ઢોરને બચાવતા હોય છે. ભગવાન તમને ઢોરની કક્ષામાં મૂકતો નથી. એટલે જ્યારે તેને તમારું રક્ષણ કરવું હોય ત્યારે તે હાથમાં લાકડી લઈ બચાવવા આવતો નથી. એ તમને સદ્‌બુદ્ધિ આપે છે.

**न धैर्येण विना लक्ष्मीर्न शौर्येण विना जय: ।**
**न ज्ञानेन विना मोक्षो न दानेन विना यश: ।।**

ધીરજ ધર્યા વિના લક્ષ્મી ન મળે. શૂરવીરતા દાખવ્યા વિના જીત ન મળે. જ્ઞાન વિના મોક્ષ ન મળે. દાન કર્યા વિના જશ ન મળે.

**न भूतपूर्वं न कदापि वार्ता हेम्न: कुरङ्गो न कदापि दृष्ट: ।**
**तथापि तृष्णा रघुनन्दनस्य विनाशकाले विपरीतबुद्धि: ।।**

સોનાના હરણની વાત ન તો કદી કોઈએ સાંભળી હતી, ન તો સોનાનું હરણ કોઈએ સગી આંખે જોયું હતું છતાં ભગવાન રામ જેવા પણ એ કાલ્પનિક હરણ પાછળ દોડયા. ખરેખર જ્યારે દુઃખના દહાડા આવવાના હોય ત્યારે આપણી બુદ્ધિ બહેર મારી જાય છે.

**न हि कस्य प्रिय: को वा विप्रियो वा जगत् त्रये ।**
**काले कार्यवाशात् सर्वे भवन्त्य् एवाप्रिया: प्रिया: ।।**

ત્રણે જગતમાં કોઈ કોઈનું વહાલું નથી કે નથી કોઈ કોઈનું દવલું. સમય અને સંજોગો અનુસાર સર્વે એક બીજાને ગમતા કે અણગમતા થાય છે.

**न हि ज्ञानेन सदृशम् पवित्रमिह विद्यते ।**
**तत्स्वयं योगसंसिद्धिः कालेनात्मनि विन्दति ।।**

આ સંસારમાં જ્ઞાન જેટલી પવિત્ર ચીજ બીજી કોઈ નથી. કર્મયોગ વડે સંસિદ્ધિ મેળવ્યા પછી સમયના વીતવા સાથે તે આત્મામાં સ્વયં પ્રગટ થાય છે.

**नमन्ति फलिनो वृक्षा नमन्ति गुणिनो जनाः ।**
**शुष्ककाष्ठश्च मूर्खश्च न नमन्ति कदाचन ।।**

ફળ આવવાથી વૃક્ષો નીચા નમે છે. ગુણો પ્રાપ્ત થતાં માણસો બીજાને નમન કરતાં થાય છે. માત્ર સૂકા લાકડાં અને મૂર્ખ માણસો જ બીજાને નમન કરતાં નથી.

**नाक्षरं मंत्ररहीतं नमूलंनौषधिम् ।**
**अयोग्य पुरुषं नास्ति योजकस्तत्रदुर्लभः ।।**

એવો કોઈ અક્ષર નથી કે જેમાં મંત્રશક્તિ ન હોય, વનસ્પતિનું એવું કોઈ મૂળીયું નથી કે જેમાં ઔષધશક્તિ ન હોય, એવો કોઈ માણસ નથી કે જે કોઈ કામનો ન હોય. પણ આ બધાનો યોગ્ય ઉપયોગ કરી શકે તેવા માણસ મળવા દુર્લભ છે.

**नास्ति विद्या समं चक्षु नास्ति सत्य समं तप: ।**
**नास्ति राग समं दु:खम् नास्ति त्याग समं सुखम् ।।**

જ્ઞાન જેવા ચક્ષુ નથી, સત્ય સમાન કોઈ તપ નથી, મોહમાયા જેવું કોઈ દુઃખ નથી, ત્યાગ સમાન કોઈ સુખ નથી.

**नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।**
**यमेवैष वृणुते तेन लभ्य: तस्यैष आत्मा विवृणुते तनुँ स्वाम् ।।**

કઠોપનિષદનો પાંચમો શ્લોકઃ આત્મસિદ્ધિ એટલે કે આત્મજ્ઞાન કેવી રીતે મળે ? પ્રવચનો સાંભળવાથી ? બુદ્ધિના પેચ લડાવવાથી ? અનેક વિદ્વાનો, સાધુ, સંતો પાસેથી બોધ મેળવવાથી ? ના, કોઈ કોઈને આત્મજ્ઞાન આપી શકતું નથી. આત્મા જ અરજી કરનારો છે અને આત્મા જ અરજી સ્વીકારનારો છે. જેનો આત્મા પોતાની અરજ સ્વીકારે ત્યાં આત્મા પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે.

**निर्विषेणापि सर्पेण कर्तव्या महति फणा ।**
**विषमस्तु न चाप्यस्तु फटाटोपो भयंकर: ।।**

પંચતંત્રનો આ બોધ છેઃ બિનઝેરી સાપે પણ સ્વરક્ષણ માટે મોટી ફેણ ફેલાવી રાખવી જોઇએ. સાપ ઝેરી હોય કે બિનઝેરી પણ ફેણનો ડર લોકોને લાગતો જ હોય છે.

**निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु**
**लिक्ष्मीः स्थिरा भवतु गच्छतु वा यथेष्टम् ।**
**अद्यैव वा मरणमस्तु युगान्तरे वा**
**न्याय्यात्पथ:प्रविचलन्ति पदं न धीराः ।।**

નિષ્ણાત માણસો નિંદા કરે કે વખાણ કરે, ધન–સંપત્તિ ટકે કે ચાલી જાય, મરણ હમણાં આવે કે પછી પણ ધૈર્યવાન માણસો ન્યાયના પંથથી વિચલિત થતા નથી.

**परोपकाराय फलन्ति वृक्षाः परोपकाराय वहन्ति नद्यः ।**
**परोपकाराय दुहन्ति गावः परोपकारार्थमिदम् शरीरम् ।।**

પરોપકાર માટે વૃક્ષ ફળ આપે છે. પરોપકાર માટે નદી પાણી વહાવે છે. પરોપકાર માટે ગાય દૂધ આપે છે. આપણું શરીર પરોપકાર માટે જ બનેલું છે.

**परोपदेशे पांडित्यं सर्वेषां सुकरं नृणाम् ।**
**धर्मे स्वीयमनुष्ठानं कस्यचित् सुमहात्मनः ।।**

બીજાને ઉપદેશ દેવા માટે પોતાના ડહાપણનો ભંડાર ખોલવો એ બહુ સહેલી વાત છે. પરંતુ તે ઉપદેશ પર જાતે આચરણ કરી બતાવવું એ તો કોઈ મહાત્મા જ કરી શકે.

**परोऽपि हितवान् बन्धुः बन्धुरपि अहितः परः ।**
**अहितो देहजो व्याधिः हितम् आरण्यमौषधम् ।।**

હિતોપદેશનો શ્લોક છે. પારકો માણસ આપણું હિત કરે તો તેને સગા ભાઈ જેવો ગણવો. સગો ભાઈ આપણું અહિત કરે તો પારકા જેવો ગણવો. આપણા દેહમાં રહેતો રોગ આપણો હોવા છતાં અહિત કરે છે. દૂર જંગલમાં રહેતું ઔષધ આપણું હિત કરે છે.

**पिण्डे पिण्डे मतिर्भिन्ना कुण्डे कुण्डे नवं पयः ।**
**जातौ जातौ नवाचाराः नवा वाणी मुखे मुखे ।।**

દરેક માણસ પોતાની રીતે વિચારે છે. દરેક કુંડમાં અલગ અલગ પ્રકારનું પાણી હોય છે. દરેક જાતના લોકના રિવાજ જુદા હોય છે. દરેક માનવીના મોઢામાંથી અવનવી વાણી સાંભળવા મળે છે.

**पुस्तकस्था तु या विद्या परहस्तगंत धनं ।**
**कार्यकाले समुत्पन्ने न सा विद्या न तद्धनम् ।।**

ચોપડીમાં રહેલી વિદ્યા અને પારકાના હાથમાં રહેલું આપણું ધન જ્યારે ખરી જરૂર પડે ત્યારે કંઈ કામમાં ન આવે એટલે તે હોય કે ન હોય બન્ને સરખું જ છે.

पिबन्ति नद्य: स्वयम् एव न अम्भ: ।
स्वयं न खादन्ति फलानि वृक्षा: ।।
न अदन्ति सस्यं खलु वारिवाहा ।
परोपकाराय संता विभूतय: ।।

નદી પોતાનું પાણી પીતી નથી. વૃક્ષ પોતાના ફળ ખાતા નથી. ખેતરમાં થયેલા પાકના ઢગલા અનાજ ખાઈ જતા નથી. સંત માણસોની સિદ્ધિ–સંપત્તિ પરોપકાર માટે જ હોય છે.

प्रारभ्यते न खलु विघ्न भयेन नीचै:
प्रारभ्य विघ्न विहता विरमन्ति मध्या: ।
विघ्नै: पुन: पुनर् अपि प्रतिहन्यमाना:
प्रारब्धम् उत्तम जना न परित्यजन्ति ।।

આ કામ કરવામાં મુશ્કેલી આવશે એવા ડરથી તુચ્છ માણસો કામ શરૂ જ કરતા નથી. મધ્યમ કક્ષાના માણસો કામ તો શરૂ કરે છે પણ મુશ્કેલી આવે તો અધવચ્ચેથી છોડી દે છે. ઉત્તમ માણસો કામ શરૂ કરે છે અને જેટલી વાર મુશ્કેલી આવે તેટલી વાર તેનો મુકાબલો કરતા રહી તેને પૂરું કર્યા પછી જ છોડે છે.

**प्रथमे नार्जिता विद्या द्वितीये नार्जितं धनं ।**
**तृतीये नार्जितं पुण्यं चतुर्थे किं करिष्यति ।।**

જીવનમાં વિદ્યાર્થી અવસ્થામાં ભણ્યા નહિ. ગૃહસ્થાશ્રમના સમયમાં કમાયા નહિ, વાનપ્રસ્થાશ્રમના સમયે સમાજ સેવા ન કરી તો ચોથા સંન્યસ્તાશ્રમમાં કઈ વસ્તુનો ત્યાગ કરશો ?

**प्रियवाक्य प्रदानेन सर्वे तुष्यन्ति जन्तव: ।**
**तस्मात् तदेव वक्तव्यं वचने का दरिद्रता ।।**

દરેક જીવને મીઠી વાણી વડે સંતોષ આપી શકાય છે માટે જીભ મીઠી રાખવી. મીઠા શબ્દો વાપરવામાં ગરીબાઈ શા માટે બતાવવી ?

**बुद्धिर्यस्य बलं तस्य ।**

જેની બુદ્ધિ તેનું બળ.

**भो दारिद्रय नमस्तुभ्यं सिद्धोऽहं त्वत्प्रसादत: ।**
**पश्याम्यहं जगत्सर्वं न मां पश्यति कश्चन ।।**

હે દારિદ્ર, તારો પરચો બહુ ભારી છે. તારા પ્રતાપે હું સિદ્ધ પુરુષ બની ગયો છું. હું આખા જગતને જોઈ શકું છું પણ આખા જગતમાં કોઈને હું દેખાતો નથી. આ કેવો ચમત્કાર છે! (બધા મોઢુ ફેરવીને ચાલ્યા જાય છે!)

**भोगा: न भुक्ता वयमेव भुक्ता: ।**
**तृष्णा न जीर्णा वयमेव जीर्णा: ।।**

ભોગ ભોગવાતા નથી, આપણે જ ભોગવાઈ જઈએ છીએ. તૃષ્ણા કદી વૃદ્ધ થતી નથી, આપણે જ વૃદ્ધ થઈ જઈએ છીએ.

**मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयो ।**
**बन्धाय विषयासक्तं मुक्त्यै निर्विषयं स्मृतम् ।।**

મનુષ્ય મનના કારણે બંધનમાં પડે છે અને મન વડે બંધનમુક્ત બને છે. ભોગમાં આપણી આસક્તિ બંધન ઊભા કરે છે. એ આસક્તિને છોડવાથી મુક્તિ મળે છે.

**मन्त्रे तीर्थे द्विजे देवे दैवज्ञे भेषजे गुरौ ।**
**यादृशी भावना यस्य सिद्धिर् भवति तादृशी ।।**

ઘણી વસ્તુ એવી હોય છે જેમાં આપણી જેવી ભાવના હોય તેવી સિદ્ધિ મળે. મંત્રનો જાપ કરવામાં, તીર્થમાં જઈ દર્શન કરવામાં, બ્રાહ્મણ પાસે ક્રિયા કર્મ કરાવવામાં, જોશી પાસે જોશ જોવડાવવામાં, ઔષધનું સેવન કરવામાં, ગુરુ પાસેથી જ્ઞાન મેળવવામાં આપણી ભાવના જેટલી વધુ સારી એટલો વધુ લાભ થાય. આપણને શ્રદ્ધા ન હોય તો કોઈ ફાયદો ન થાય.

**मर्कटस्य सुरापानं तस्य वृश्चिकदंशनम् ।**
**तन्मध्ये भूतसंचारो यद्वा तद्वा भविष्यति ।।**

એક તો જાતનું વાંદરું, એમા દારૂ પીધો, પાછો અને વીંછી કરડ્યો અને તે ઉપરથી એને ભૂતના ભડકા પણ દેખાણા. પછી તેના તોફાનમાં બાકી શું રહે ?

**महाजनस्य संसर्गः कस्य नोन्नतिकारकः ।**
**पद्मपत्रस्थितम् तोयम् धत्ते मुक्ताफलश्रियम् ।।**

ઉત્તમ માણસોના સંસર્ગમાં આવવાથી કોની ઉન્નતિ થતી નથી ? કમળના પુષ્પ પર રહેલું પાણીનું સાધારણ ટીપું પણ સાચા મોતીની જેમ દીપી ઊઠે છે.

**मा दद्यात् खलसङ्घेषु कल्पनामधुरागिरः ।**
**यथा वानरहस्तेषु कोमलाः कुसुमस्त्रजः ।।**

દુષ્ટ માણસને સૌજન્યપૂર્ણ વાણી વડે સમજાવવાનો કોઈ અર્થ નથી. વાંદરાના હાથમાં સુકોમળ પુષ્પનો ગુચ્છ મૂકીએ તો તેથી તેના વર્તનમાં કોઈ ફરક પડે ?

**माता शत्रु: पिता वैरी येन बालो न पाठित: ।**
**सभामध्ये न शोभते हंसमध्ये बको यथा ।।**

જે માબાપ પોતાના સંતાનને ભણાવે નહિ તે તેના દુશ્મન છે. જેમ હંસની વચ્ચે બગલું ન શોભે તેમ આવું અભણ સંતાન સમાજમાં શોભતું નથી.

**मुखं प्रसन्नं विमला च दृष्टि: कथानुरागो मधुरा च वाणी ।**
**स्नेहोऽधिक: सम्भ्रम दर्शनं च सदानुरक्तस्य जनस्य चिह्नम् ।।**

મૂખ પર પ્રસન્નતા લહેરાતી હોય, દ્રષ્ટિમાં વિમળતા હોય, પ્રિયપાત્ર વિશેની વાત સાંભળવી ગમતી હોય, મોઢેથી મધુર શબ્દ નીકળતા હોય, સૌ પર વહાલ વરસાવાઈ જતું હોય, બેધ્યાન થઈ જવાતું હોય, એ બધા પ્રેમમાં અનુરાગી બની ગયાના લક્ષણ છે.

**मूर्खस्य पंच चिह्नानि गर्वो दुर्वचनं तथा ।**
**क्रोधश्च दृधवादश्च परवाक्येष्वनादर: ।।**

મૂર્ખ માણસના પાંચ લક્ષણ છે. અભિમાન, અભદ્ર શબ્દોનો ઉપયોગ, ક્રોધ, હું જ સાચો છું એવો દ્રઢ આગ્રહ અને બીજા જે કંઈ કહે તેનો અનાદર કરવો.

**मूलोनास्ति कुतः शाखा ।**

જે ઝાડને મૂળ જ ન હોય તેને ડાળી ક્યાંથી ફૂટે ?

**मृगा मृगैः संगमुपव्रजन्ति गावश्च गोभिस्तुरगास्तुरंगैः ।**
**मूर्खाश्च मूर्खैः सुधयः सुधीभिः समानशीलव्यसनेषु सख्यं ॥**

હરણ હરણાંની પાછળ દોડે છે, ગાય ગાયની સાથે જાય છે, ઘોડાને ઘોડા ગમે છે. મૂર્ખને મૂર્ખ તથા બુદ્ધિમાનને બુદ્ધિમાન પસંદ પડે છે. જેમની આદત સરખી હોય તેમની વચ્ચે મૈત્રી સર્જાય છે.

**यथा खरः चन्दनभारवाही भारस्य वेत्ता न तु चन्दनस्य ।**
**एवं हि शास्त्राणि बहून्यधीत्य अर्थेषु मूढाः खरवद्वहन्ति ॥**

ચંદન ઉપાડી લઈ જતો ગધેડો માત્ર બોજ ઉપાડી લઈ જતો હોય છે, ચંદન નહિ કેમ કે ચંદન શું છે તેની તેને ખબર જ હોતી નથી તેમ ગોખણપટ્ટી કરી સમજ્યા વિના શાસ્ત્ર ભણી ગયેલા લોકો ગધેડાની માફક માત્ર જ્ઞાનનો બોજ ઉપાડી ફર્યા કરે છે.

**यथा देशस्तथा भाषा यथा राजा तथा प्रजा ।**
**यथा भूमिस्तथा तोयं यथा बीजस्तथांकुरः ॥**

જેવો દેશ તેવી ભાષા, જેવો રાજા તેવી પ્રજા. જેવી ભૂમિ તેવું પાણી અને જેવું બીજ તેવો અંકુર.

**यथा बीजं विना क्षेत्रम् उप्तं भवति निष्फलम् ।**
**तथा पुरुष कारेण विना दैवं न सिध्यति ।।**

જેમ ખેતરને સારી રીતે ખેડ્યા વિના બીજ વાવી દઈએ તો તે ઊગતું નથી તેમ આપણા નસીબમાં લખેલી ચીજ પણ મહેનત કર્યા વિના મળતી નથી.

**यथा हि एकेन चक्रेण न रथस्य गतिर्भवेत् ।**
**एवं पुरुषकारेण विना दैवं न सिध्यति ।।**

પ્રારબ્ધ અને પુરુષાર્થરૂપી બન્ને ચક્ર સાથે ચાલે તો જ સંસારનો રથ આગળ ચાલે. પુરુષાર્થ વિના પ્રારબ્ધ પંગુ બની જાય. એક પૈડાવાળો રથ દોડી ન શકે.

**यस्तु सञ्चरते देशान् सेवते यस्तु पण्डितान् ।**
**तस्य विस्तारिता बुद्धिस्तैलबिन्दुरिवाम्भसि ।।**

જે માણસ દેશવિદેશનું પર્યટન કરે છે, જ્ઞાની-પંડિતો પાસે જઈ તેની વાત સાંભળે છે તેની બુદ્ધિ પાણી પર પડેલા તેલના ટીપાંની માફક વિસ્તાર પામે છે.

**यस्तु सर्वाणि भूतान्यात्मनेवानुपश्यति ।**
**सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते ।।**
**यस्य सर्वाणिभूतान्यात्मैवाभद्विजानत: ।**
**तत्र को मोह: क: शोक: एकत्व मनुपश्यत: ।।**

ઈશાવાસ્ય ઉપનિષદનું બ્રહ્મજ્ઞાનઃ જે એવું વિચારી શકે કે આ જગતના સર્વ જીવમાં હું છું અને મારામાં સર્વ જીવ સમાયેલા છે તે અભય પ્રાપ્ત કરે છે. જેમના માટે જગતના સર્વે જીવ પોતાના આત્મા જેવા છે એવા એકત્વદર્શીને મોહ કે શોક સ્પર્શી શકતા નથી.

**यस्मिन् देशे न सम्मानो न प्रीतिर्न च बान्धवा: ।**
**न च विद्याऽऽगम: कश्चित् तं देशं परिवर्जयेत् ।।**

જે દેશમાં આપણું માન ન જળવાતું હોય, આપણા માટે કોઈને લાગણી ન હોય, કોઈ સગા–સંબંધી હોય અને ન તો કંઈ શીખવા–જાણવા મળતું હોય તે દેશને વહેલી તકે છોડી દેવો જોઈએ.

**यस्य नास्ति स्वयं प्रज्ञा शास्त्रं तस्य करोति किम् ।**
**लोचनाभ्यां विहीनस्य दर्पण: किं करिष्यति ।।**

જે માણસ પાસે પોતાની બુદ્ધિ ન હોય તેને શાસ્ત્રનું જ્ઞાન શું કામ આવે ? જે માણસ પાસે જોવા માટે આંખ ન હોય તેને અરીસો શું કામનો ?

**यस्यास्ति वित्तं स वर: कुलीन:**
**स पण्डित: स श्रुतवान् गुणज्ञ: ।**
**स एव वक्ता स च दर्शनीय:**
**सर्वे गुणा: काञ्चनमाश्रयन्ते ।।**

જે મુરતિયા પાસે ધન હોય તે આપમેળે સારા કુળનો, જ્ઞાની, સુશિક્ષિત અને ગુણોનો જાણકાર બની જાય છે. તે જ સારો વક્તા અને દર્શન લાયક ગણાય છે. બધા ગુણ સુવર્ણમાં આવી સમાઈ જાય છે.

**य: पठति लिखति पश्यति**
**परिपृच्छति पण्डितान् उपाश्रयति ।**
**तस्य दिवाकरकिरणै:**
**नलिनीदलमिव विस्तारिता बुद्धि: ।।**

જે માણસ વાંચે છે, લખે છે, બારીકાઈથી નિરીક્ષણ કરે છે, જાણકારી મેળવવા પૂછ પૂછ કરે છે અને પંડિતો એટલે નિષ્ણાતો પાસેથી શીખે છે તેમની સમજણ શક્તિ સૂરજનું કિરણ પડતાં જેમ કમળ ખીલી ઊઠે તેમ વિસ્તૃત બને છે.

**ये च मूढतमा: लोके ये च बुद्धे: परं गता: ।**
**ते एव सुखम् एधन्ते मध्यम: क्लिश्यते जन: ।।**

મહાભારતનું કથન છે. આ જગતમાં બે જ પ્રકારનાં લોકો સુખી છે. એક તો જે ખરેખર બુદ્ધિમાન છે, જેમની પાસે સાચું જ્ઞાન છે, સાચી સમજ છે. બીજા એવા લોકો કે જેઓ તદ્દન અબુધ છે, જેમની પાસે તલભાર અક્કલ કે સમજ નથી. દુનિયાના બધા દુઃખનો ભાર આ બે વર્ગની વચ્ચે રહેલા લોકોએ ઉપાડવો રહે છે.

**येषां न विद्या न तपो न दानं ज्ञानं न शीलं न गुणो न धर्म: ।**
**ते मर्त्यलोके भुविभारभूता मनुष्यरूपेण मृगाश्चरन्ति ।।**

જે માણસ પાસે વિદ્યા નથી, તપ નથી, દાન નથી, સદાચાર નથી, ગુણ નથી, ધર્મ નથી એનું આ જગતમાં કામ શું છે ? આવા માણસો ધરતી માટે ભારરૂપ છે. ખરી રીતે જોતાં આ લોકો માણસનું રૂપ લઈ હરતા ફરતા પશુ છે.

**यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिषेवते ।**
**ध्रुवाणि तस्य नश्यन्ति अध्रुवं नष्टमेव च ।।**

ભગવદ્ ગીતાનો ઉપદેશ : જે લોકો શાશ્વત સુખને છોડી ક્ષણિક સુખની પાછળ દોડે છે તેમના શાશ્વત સુખ નષ્ટ થાય છે અને ક્ષણિક સુખ તો નષ્ટ થવાના જ છે.

**योग: कर्मसु कौशलम् ।**

ભગવદ્ ગીતાનું કથન : જે કાર્ય કરતા હોઈએ તે કુશળતા પૂર્વક કરવું તે યોગ છે.

**यौवनं धनसंपत्तिः प्रभुत्त्वमविवेकिता ।**
**एकैकमप्यनर्थाय किमु यत्र चतुष्टयम् ।।**

જોબન સંપત ઠાકરી વળી ઉમેરણમાં અવિવેકી જાત
એકેકું અનરથ કરે ત્યાં ચારની પહોંચે ક્યાં જઈ વાત !

**राजा राष्ट्रकृतं पापं राज्ञः पापं पुरोहितः ।**
**भर्ता च स्त्रीकृतं पापं शिष्यपापं गुरुस् तथा ।।**

જો એક દેશ કે રાષ્ટ્ર ખોટું કામ કરે તો તેનો રાજા ખરો ગુનેગાર ગણાય. જો રાજા ખોટું કામ કરે તો તેના સલાહકાર કે મંત્રીઓ ખરા ગુનેગાર છે. સ્ત્રી ખોટું કામ કરે તો તેનો પતિ સાચો અપરાધી છે અને શિષ્ય પાપ કરે તો તે પાપ માટેની બધી જવાબદારી તેના ગુરુની છે.

रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं
भास्वानुदेष्यति हसिष्यति पंकजश्रीः ।
इत्थं विचिन्तयति कोषगते द्विरेफे
हा हन्त हन्त नलिनीं गज उज्जहार ।।

સાંજ પડ્યે કમળનું પુષ્પ બીડાઈ જતાં રસનો લોભી ભમરો અંદર કેદ થઈ જાય છે અને વિચાર કરે છે કે રાત પૂરી થઈ જશે, સુંદર સવાર પડશે, સૂર્ય ઊગશે, કમળ હસતું હસતું ખીલશે. પણ અરેરે, ત્યાં હાથી આવીને કમળને ઉખાડી ફેંકી દે છે. આ શ્લોકનો ભાવાર્થ એવો છે કે આપણાં સપનાઓ અને વાસ્તવિકતા તદ્દન જુદા હોય એવું પણ બને છે.

लभेत सिकतासु तैलमपि यत्नतः पीडयन्
पिबेच्च मृगतृष्णिकासु सलिलं पिपासार्दितः ।
कदाचिदपि पर्यटन् शशविषाणमासादयेत्
न तु प्रतिनिविष्टमूर्खजनचित्तमाराधयेत् ।।

ખૂબ મહેનત કરીએ તો કદાચ રેતીમાંથી તેલ કાઢી શકાય, શક્ય છે કે તરસ્યો મુસાફર મૃગજળનું પાણી પી શકે, કદાચ ફરતાં ફરતાં કોઈ સસલાને માથે શિંગડા ઊગેલા જોવા મળે પરંતુ ગમે તે કરવા છતાં મૂરખ માણસને ખુશ ન કરી શકાય.

**वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि ।**
**लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति ।।**

વજ્રથી વધુ કઠોર અને પુષ્પથી પણ વધુ કોમળ એવા મહાપુરુષોના મનમાં શું હોય તે કોણ સમજી શકે ?

**वनानि दहतो वह्ने सखा भवति मारुत: ।**
**स एव दीपनाशाय कृशे कस्यस्ति सुहृदम् ।।**

પવન વનમાં જોરદાર સળગતા અગ્નિનો મિત્ર બને છે. તેને ટેકો આપે છે, મદદ કરે છે. તે જ પવન નાના સળગતા દીવડાને બૂઝાવી નાખે છે. નબળાનું મિત્ર કોણ બને ?

**वनेऽपि सिंहा मृगमांसभक्षिणो बुभुक्षिता नैव तृणं चरन्ति ।**
**एवं कुलीना व्यसनाभिभूता न नीचकर्माणि समाचरन्ति ।।**

સિંહને ગમે તેટલી ભૂખ લાગે પણ તે ઘાસ ખાતો નથી. વનમાં રહીને માત્ર હરણનો આહાર કરે છે. સુસંસ્કારી માણસો સંકટકાળમાં પણ પોતાને શોભે નહિ તેવું કામ ન કરે.

**वयमिह परितुष्टा वल्कलैस्त्वं दुकूलैः**
**सम इह परितोषो निर्विशेषो विषेशः ।**
**स तु भवतु दरिद्रो यस्य तृष्णा विशाला**
**मनसि च परितुष्टे कोऽर्थवान् को दरिद्रः ।।**

સંન્યાસી રાજાને કહે છેઃ અમે વલ્કલ પહેરીને સંતુષ્ટ છીએ. તું કિંમતી વસ્ત્રો ધારણ કરીને. અમારો સંતોષ તારા જેટલો જ છે. મનની ઇચ્છાઓની વણઝાર જ માણસને ગરીબ બનાવે છે. જેનું મન સંતોષી હોય તેને માટે ગરીબાઈ કે શ્રીમંતાઈ એવા શબ્દોનો કોઈ અર્થ નથી.

**विकृतिं नैव गच्छन्ति संगदोषेण साधवः ।**
**आवेष्टितं महासर्पैश्चंदनं न विषायते ।।**

જેમ મહાસર્પથી વીંટળાયેલું ચંદનનું વૃક્ષ ઝેરી બની જતું નથી તેમ ખરો સાધુ સંગદોષ કરે તો પણ વિકૃત બનતો નથી.

**विदेशेषु धनं विद्या व्यसनेषु धनं मतिः ।**
**परलोके धनं धर्मः शीलं सर्वत्र वै धनम् ।।**

પરદેશમાં આપણું ખરૂ ધન વિદ્યા બને છે. સંકટકાળમાં સુબુદ્ધિ આપણું ધન બને છે. પરલોકમાં ધર્મ આપણી સંપત્તિ બને છે. સદાચાર સર્વત્ર સંપત્તિરૂપ પુરવાર થાય છે.

**विजेतव्या लङ्का चरणतरणीया जलनिधिः**
**विपक्षः पौलस्त्यो रणभुवि सहायाश्च कपयः ।**
**तथाप्येको रामः सकलमवधीद्राक्षसकुमम्**
**क्रियासिद्धिः सत्वे भवति महतां नोपकरणे ।।**

લંકા પર વિજય મેળવવાનો હતો, પગેથી ચાલીને દરિયો પાર કરવાનો હતો, પુલસ્ત્ય ઋષિના પુત્ર રાવણ સાથે લડવાનું હતું, મદદમાં માત્ર વાનરસેના હતી. આમ છતાં એકલા રામ સમગ્ર રાક્ષસકુળનો નાશ કરી શક્યા. કામની સફળતા બહારના સાધનો પર નહિ પણ આપણી અંદરની તાકાત પર આધાર રાખે છે.

**विद्या नाम नरस्य रूपमधिकं प्रच्छन्नगुप्तं धनं ।**
**विद्या भोगकरी यशः सुखकरी विद्या गुरूणां गुरुः ।।**
**विद्या बन्धुजनो विदेशगमने विद्या परा देवता ।**
**विद्या राजसु पूज्यते न हि धनं विद्याविहीनः पशुः ।**

વિદ્યા માણસની સૌથી મોટી સુંદરતા છે. વિદ્યા ખૂબ સલામત એવું અપ્રગટ ધન છે. વિદ્યા સમૃદ્ધિ, પ્રતિષ્ઠા અને સુખ લઈ આવે છે. વિદ્યા ગુરુની ગુરુ છે. પરદેશમાં વિદ્યા સગા ભાઈની જેમ મદદ કરે છે. વિદ્યા પરમ દેવતા છે. રાજાઓ પણ ધનની નહિ વિદ્યાની પૂજા કરે છે. વિદ્યા વિનાનો માણસ સાક્ષાત પશુ સમાન છે.

**विद्या विवादाय धनं मदाय खलस्य शक्तिः परपीडनाय ।**
**साधोस्तु सर्वं विपरीतमेतद् ज्ञानाय दानाय च रक्षणाय ।।**

દુર્જન માણસ વિદ્યાનો ઉપયોગ વિવાદ કરવા માટે, ધનનો ઉપયોગ અભિમાન કરવા માટે અને શક્તિનો ઉપયોગ બીજાને ત્રાસ આપવા માટે કરે છે. સજ્જનોનું તેથી ઊલટું વર્તન હોય છે. તેઓ વિદ્યા જ્ઞાન માટે, ધન દાન માટે અને શક્તિ રક્ષણ કરવા માટે ઉપયોગમાં લે છે.

**विद्वत्वं च नृपत्वं च नैव तुल्यं कदाचन ।**
**स्वदेशे पूज्यते राजा विद्वान् सर्वत्र पूज्यते ।।**

વિદ્વતાની અને રાજવીપણાંની સરખામણી ન થઈ શકે. રાજા માત્ર તેના રાજમાં પૂજાય પણ વિદ્વાન માણસ તો જ્યાં જાય ત્યાં પૂજાય.

**विषादप्यमृतं ग्राह्यं बालादपि सुभाषितम् ।**
**अमित्रादपि सद्वृत्तं अमेध्यादपि कांचनम् ।।**

ઝેરમાંથી અમૃત મળતું હોય તે લઈ લેવું જોઈએ, એક નાના બાળક પાસેથી પણ જો કોઈ બોધ વાક્ય સાંભળવા મળે તો તેનો સ્વીકાર કરી લેવો જોઈએ, દુશ્મન પાસેથી પણ સદ્‌ગુણ ગ્રહણ કરવા મળે તો ગ્રહણ કરી લેવા જોઈએ. સોનું કચરાની વચ્ચે પડ્યું હોય તો પણ તેને તરછોડાય નહિ.

**वृथा वृष्टि: समुद्रेषु वृथा तृप्तेषु भोजनम् ।**
**वृथा दानं धनाढ्येषु वृथा दीपो दिवाऽपि च ।।**

દરિયામાં વરસાદ પડે તે નકામો જાય. જેનું પેટ ભરેલું છે તેને ખવડાવવાનો કોઈ અર્થ નથી. જેની પાસે ધનના ઢગલા હોય તેને દાન આપવાથી શું વળે ? જ્યાં ખૂબ અજવાળું હોય ત્યાં દીવા ન સળગાવાય.

**वृश्चिकस्य विषं पृच्छे मक्षिकाया: मुखे विषम् ।**
**तक्षकस्य विषं दन्ते सर्वांगे दुर्जनस्य तत् ।।**

વીંછીનું ઝેર એની પૂંછડીમાં હોય છે. માખીના મોઢામાં ઝેર હોય છે, સાપના દાંતમાં ઝેર હોય છે પણ દુર્જનના દરેકે દરેક અંગમાં ઝેર ભરેલું હોય છે.

**वैद्यराज नमस्तुभ्यं यमराजसहोदर ।**
**यमस्तु हरति प्राणान् वैद्यो प्राणान् धनानि च ।।**

ચેતવણી : નબળું હૃદય ધરાવતા દાકતરોએ આ જોખમી પ્રાચીન સુભાષિત વાંચવું નહિ ! હે વૈદરાજ, તને પગે લાગીએ છીએ. તું આમ તો જમરાજાનો ભાઈ છો પણ જમરાજા કરતાં ક્યાંય ચડી જાય તેવો છે. જમરાજા તો માત્ર પ્રાણ લઈને ચાલતા થાય છે પણ તું તો અમારો પ્રાણ અને પૈસા બન્ને લીધાં પછી જ અમને છોડે છે.!

**वाक्यं रसात्मकं काव्यम् ।**

કવિતાની સૌથી ટૂંકીને સૌથી અસરકારક વ્યાખ્યા. રસથી સભર વાક્ય એટલે કાવ્ય.

**व्यापारे वसते लक्ष्मी ।**

ચીજવસ્તુની આપ-લે વડે સમૃદ્ધિ સર્જાય છે.

**व्यासोच्छिष्टं जगत् सर्वं ।**

જગત આખું વ્યાસના મોમાંથી બહાર આવ્યુ છે. (મહાભારત મહાકાવ્ય રચનાર વ્યાસ મુનિની પ્રશંસા માટે આ વાક્ય કહેવામાં આવે છે. તેનો ભાવાર્થ એવો છે કે તત્વજ્ઞાન અને માનવ સંબંધનો એકેય વિષય એવો નથી કે જેની મહાભારતમાં ચર્ચા છણાવટ ન થઈ હોય. આથી હવે જગતમાં કદી ન ઉપસ્થિત કરવામાં આવી હોય તેવી એક પણ વાત રહી નથી.)

**शतेषु जायते शूर: सहस्त्रेषु च पंडित: ।**
**वक्ता दशसहस्त्रेषु दाता भवति वा न वा ।।**

દર સો માણસે એકાદ શુરવીર મળી આવે. એક હજાર માણસે એકાદ જાણકાર પંડિત મળે. દશ હજાર માણસોમાંથી એકાદ સારો વક્તા પાકે. પણ દાતા તો ગમે તેટલું શોધો, જવલ્લે જ મળે.

**शान्तितुल्यं तपो नास्ति तोषान्न परमं सुखम् ।**
**नास्ति तृष्णापरो व्याधिर्न च धर्मो दयापर ।।**

શાંતિ સમાન કોઈ તપ નથી. સંતોષ સમાન કોઈ સુખ નથી. તૃષ્ણા સમાન કોઈ વ્યાધિ નથી અને દયા સમાન કોઈ ધર્મ નથી.

**शिर: शार्वं स्वर्गात्पततिशिरसस्तत् क्षितिधरं**
**महीधादुत्तुङ्गादवनिमवनेश्चापि जलधिम् ।**
**अधोऽधो गङ्गेयं पदमुपगता स्तोकमथवा**
**विवेकभ्रष्टानां भवति विनिपात: शतमुख: ।।**

સ્વર્ગમાંથી ઉતરેલી પવિત્ર ગંગા શંકર ભગવાનની જટા પર પડે છે. ત્યાંથી હિમાલયના પહાડો પર અને પછી પડતી પડતી સપાટ મેદાનોમાં જઈ છેવટે સમુદ્રમાં વિલીન થઈ જાય છે. આમ ગંગા નદી એક વખત નીચે પડ્યા પછી વધુ ને વધુ નીચે પડતી જાય છે. એવું જ માણસોનું છે. એક વખત સાન ભાન ચૂકો પછી તમારું સેંકડો રીતે અધોપતન થાય છે.

**शैले शैले न माणिक्यं मौक्तिकं न गजे गजे ।**
**साधवो न हि सर्वत्र चन्दनं न वने वने ।।**

દરેક પર્વત પર માણેક ન હોય. દરેક હાથીના કપાળમાં મોતી ન હોય. બધે જ સારા માણસો ન હોય. દરેક જંગલમાં ચંદનના ઝાડ ન હોય. હિતોપદેશનો આ શ્લોક કેટલો સરળ છે ! દરેક પર્વત પર માણેક ન હોય. દરેક હાથીના કપાળમાં મોતી ન હોય. બધે જ સારા માણસો ન હોય. દરેક જંગલમાં ચંદનના ઝાડ ન હોય. હિતોપદેશનો આ શ્લોક કેટલો સરળ છે !

**संग्रहैकपर: प्राय: समुद्रोपि रसातले ।**
**दातारं जलदं पश्य गर्जन्तं भुवनोपरी ।।**

દરિયાને માત્ર પાણી પાણી ભેગું કરતા આવડે છે બીજાને આપતા આવડતું નથી એટલે તેનું સ્થાન રસાતાળ ગયું છે. જુઓ પાણીનું દાન કરતાં વાદળા ભુવનમાં સર્વોપરી સ્થાને બેસીને કેવી ગર્જના કરે છે!

**सत्यं ब्रूयात् प्रियं ब्रूयत् न ब्रूयात् सत्यमप्रियं ।**
**प्रियं च नानृतं ब्रूयात् एष धर्म: सनातन: ।।**

સત્ય બોલવું જોઈએ. પ્રિય બોલવું જોઈએ. અપ્રિય હોય તેવું સત્ય બોલવાનું ટાળવું જોઈએ અને અસત્ય પ્રિય લાગે તેવું હોય છતાં કદી ન બોલવું એ સનાતન નિયમ છે.

**सत्यस्य वचनं श्रेयः सत्यादपि हितंवदेत् ।**
**यद्भूतहितमत्यन्तं एतत् सत्यं मतं मम ।।**

નારદમુનિનું આ કથન છેઃ સત્ય બોલવું સૌથી સારું છે, પણ સત્ય કરતાં ય વધુ સારું છે સૌના હિતમાં હોય એવું બોલવું. મારા મતે જે વાત અસંખ્ય લોકોનું ભલું કરતી હોય તે જ સત્ય છે.

**सम्पूर्णकुम्भो न करोति शब्दं अर्धो घटो घोषमुपैति नूनं ।**
**विद्वान् कुलीनो न करोति गर्वं मूढास्तु जल्पन्ति गुणैर्विहीनाः ।।**

પાણીથી પૂરો ભરેલો ઘડો અવાજ કરતો નથી. અર્ધા ભરેલા ઘડામાંથી ઘણો અવાજ આવે છે. વિદ્વાન અને કુલીન માણસો ગર્વ કરતા નથી. ગુણ વિનાના માણસો બડબડ કરતા રહે છે.

**सर्पः क्रूरः खलः क्रूरः सर्पात् क्रूरतरः खलः ।**
**सर्पः शाम्यति मन्त्रैश्च दुर्जनः केन शाम्यति ।।**

સર્પ ક્રૂર છે, દુર્જન પણ ક્રૂર છે. પણ સાપ કરતા દુર્જન વધુ ક્રૂર લેખાય કેમકે સાપને તો મંત્રોથી વશ કરી શકાય છે. દુર્જનને કોઈ રીતે અંકુશમાં લાવી શકાય નહિ.

**सर्पदुर्जनयोर्मध्ये वरं सर्पो न दुर्जनः ।**
**सर्पो दशति कालेन दुर्जनस्तु पदे पदे ।।**

સાપ અને દુર્જન એ બન્નેની તુલના કરીએ તો દુર્જન કરતા સાપ વધુ સારો ગણાય કેમકે સાપ તો કોઈક વખત કરડે છે પણ દુર્જન ડગલે ને પગલે ડંખ મારતો જ રહે છે.

**सर्वनाशे समुत्पन्ने ह्यर्धं त्यजति पण्डितः ।**
**अर्धेन कुरुते कार्यं सर्वनाशो हि दुःसहः ।।**

જ્યારે સર્વનાશ સામે આવે ત્યારે ડાહ્યો માણસ અડધું છોડી દે છે કેમકે અડધાથી જેમ તેમ કામ ચલાવી લેવાય પણ સર્વનાશ સહન કરવો બહુ ભારે પડે.

**स्वभावो नोपदेशेन शक्यते कर्तुमन्यथा ।**
**सुतप्तमपि पानीयं पुनर्गच्छति शीतताम् ।।**

સલાહ કે ઉપદેશથી કોઈનો સ્વભાવ બદલાવી શકાતો નથી. પાણીને ગરમ કરો તેટલી વખત ગરમ રહે પણ જેવો તાપ દૂર થાય કે પાછું હતુ તેવું ને તેવું થઈ જાય.

**सामर्थ्यमूलं स्वातन्त्र्यं श्रममूलं च वैभवम् ।**
**न्यायमूलं सुराज्यं स्यात् संघमूलं महाबलम् ।।**

સામાર્થ્ય એ સ્વતંત્રતાના મૂળમાં છે. તમારી પાસે તમારી પોતાની તાકાત ન હોય તો તમે સ્વતંત્ર ન રહી શકો. શ્રમ એ સમૃદ્ધિનું મૂળ છે. મહેનત કર્યા વિના ન સમૃદ્ધિ મળે ન ટકે. સુરાજયના મૂળમાં ન્યાય છે. ન્યાય વિના સુરાજય ટકી ન શકે. મહાશક્તિના મૂળમાં સંપ અને સંગઠન છે. જયાં સંઘ હોય એટલે કે સંપ-સંગઠન હોય ત્યાં જ પ્રચંડ શક્તિ ઉદ્‌ભવે.

**साहित्यसङ्गीतकलाविहीन:**
**साक्षात्पशु: पुच्छविषाणहीन: ।**
**तृणं न खादन्नपि जीवमान:**
**तद्भागधेयं परमं पशूनाम् ।।**

ભર્તુહરિ કૃત નીતિશતકના આ લોકપ્રિય શ્લોક અનુસાર જેમને સાહિત્ય, સંગીત, કલા વગેરેમાં રૂચિ નથી તેઓ પૂંછડા અને શિંગડા વિનાના પશુ છે. પશુઓનું એ સદ્‌ભાગ્ય છે કે આવા લોકો ઘાસ ખાધા વિના જીવી શકે છે !

**सुखमापतितं सेव्यं दु:खमापतितं तथा ।**
**चक्रवत् परिवर्तन्ते दु:खानि च सुखानि च ।।**

જીવનમાં જ્યારે સુખ આવે ત્યારે તેને માણી લેવું, દુઃખ આવે ત્યારે તેને પણ વધાવી લેવું. સુખ દુઃખનું ચક્ર સદા ચાલતું જ રહેવાનું છે.

**सुखस्यानन्तरं दु:खम् दु:खस्यानन्तरं सुखम् ।**
**न नित्यं लभते दु:खं न नित्यं लभते सुखम् ।।**

સુખ પછી દુઃખ આવે છે અને દુઃખ પછી સુખ આવે છે. કોઈને રોજેરોજ સુખ ન મળે કે કોઈને રોજેરોજ દુઃખ ન મળે.

**सुखार्थी वा त्यजेत् विद्या**
**विद्यार्थी वा त्यजेत् सुखम् ।**
**सुखार्थिन: कुतो विद्या विद्यार्थिन: कुतो सुखम् ।।**

વિદ્યાપ્રાપ્તિ છોડી સુખની પાછળ ભાગવું કે સુખને છોડી વિદ્યાપ્રાપ્તિ પાછળ પાગલ બનવું બંને એકાંગી માર્ગ છે. આ રીતે જેને સુખ જોઈતુ હોય તેને કદી વિદ્યા ન મળે અને માત્ર વિદ્યા પાછળ દોડનાર કદી સુખી ન બની શકે.

**सुलभा: पुरुषा राजन् सततं प्रियवादिन: ।**
**अप्रियस्य च पथ्यस्य वक्ता श्रोता च दुर्लभ: ।।**

વાલ્મિકી રામાયણ અરણ્યકાંડ શ્લોક ૩૭-૨. હે રાજન્! સતત મીઠું મીઠું બોલનારા માણસો સહેલાઈથી મળી આવે છે પણ કડવી છતાં હિતની વાત કરનારા અને સાંભળનારા આ જગતમાં બહુ ઓછા છે.

**स्थानभ्रष्टा न शोभन्ते दन्ता: केशा नखा नरा: ।**
**इति विज्ञाय मतिमान् स्वस्थानं न परित्यजेत् ।।**

દાંત, વાળ, નખ અને પુરુષ પોતાનું સ્થાન ગુમાવી દે પછી શોભતા નથી ે વાત ધ્યાનમાં રાખી ડાહ્યા માણસોએ પોતાના સ્થાન પર સ્થિર રહેવું જોઈએ.

**स्यात् कज्जलं सिन्धु पात्रं**
**सुरतरुवरशाखा लेखनी पत्रमुर्वी ।**
**लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं**
**तदापि तव गुणानां ईश पारं न याति ।।**

દરિયો ભરીને શાહી લઈ વૃક્ષની ડાળીની કલમ બનાવી ખૂદ શારદા માતા સદાકાળ લખ્યા કરે તો પણ હે ભગવાન! તારા ગુણોનો પાર ન આવે.

**श्रुति र्विभिन्ना स्मृतयोऽपि भिन्ना:**
**नैको मुनि र्यस्य वच: प्रमाणम् ।**
**धर्मस्य तत्त्वं निहितं गुहायाम्**
**महाजनो येन गत: स पन्था: ।।**

શ્રુતિ અલગ અલગ કહે છે, સ્મૃતિઓમાં પણ જુદી જુદી વાત છે. કોઈ એક એવા મુનિ નથી કે માત્ર તેના વચનને જ પ્રમાણ માનીને ચાલી શકાય. ધર્મનું તત્વ ગૂઢ છે– સહેલાઈથી સમજી શકાય તેવું નથી. આથી મોટા માણસો જે રસ્તે ચાલે તે રસ્તો સાચો છે એમ માનીને આપણે પણ તે રસ્તે ચાલવું.

**हंस: श्वेतो बक: श्वेतो को भेदो बकहंसयो: ।**
**नीरक्षीरविवेके तु हंस: हंसो बको बक: ।।**

હંસ સફેદ દેખાય છે. બગલો પણ સફેદ દેખાય છે. પરંતુ જ્યારે પાણી અને દૂધ અલગ કરવાની વાત આવે ત્યારે હંસ હંસ જેવો અને બગલો બગલા જેવો સાબિત થઈ જાય છે.

**हीयते हि मतिस्तात् हीनैः सह समागतात् ।**
**समैस्च समतामेति विशिष्टैश्च विशिष्टितम् ।।**

મહાભારતનો શ્લોક છે : હીન એટલે કે અધમ માણસો સાથે રહેવાથી આપણી બુદ્ધિ અધમ થઈ જાય છે. સમાન માણસો સાથે રહેવાથી સમાન રહે છે અને વિશિષ્ટ એટલે કે ખૂબ પ્રતિભાવાન સાથે રહેવાથી આપણી પ્રતિભા પણ ખિલે છે.

**क्षणशः कणश्चैव विद्याम् अर्थं च साधयेत् ।**
**क्षणे नष्टे कुतो विद्या कणे नष्टे कुतो धनम् ।।**

પ્રત્યેક ક્ષણનો ઉપયોગ કરી વિદ્યા મેળવવી જોઈએ અને પ્રત્યેક કણ બચાવી ધન એકઠું કરવું જોઈએ. ક્ષણ વેડફે વિદ્યા ન મળે, કણ વેડફે ધન ન મળે.

**क्षणे तुष्टः क्षणे रुष्टस्तुष्टो रुष्टः क्षणे क्षणे ।**
**अव्यवस्थितचित्तस्य प्रसादोऽपि भयङ्करः ।।**


ઘડીક ખુશ તો ઘડીક નાખુશ, એક ઘડી રાજી તો બીજી મિનિટે અગનગોળો. જેમના મગજનું કંઈ ઠેકાણું ન હોય તેમની મહેરબાની પણ ભારે પડી જાય.

**क्षमा बलमशक्तानाम् शक्तानाम् भूषणम् क्षमा ।**
**क्षमा वशीकृते लोके क्षमया किं न सिध्यति ।।**

ક્ષમા શક્તિશાળી માણસનું સાચું બળ છે. શક્તિશાળી માણસો ક્ષમા વડે શોભે છે. ક્ષમાથી લોકો વશ થઈ જાય છે. ક્ષમાથી શું ન થઈ શકે ?


**क्षमा शस्त्रं करे यस्य दुर्जन: किं करिष्यति ।**
**अतृणे पतितो वह्निः स्वयमेवोपशाम्यति ।।**

જેમની પાસે ક્ષમા નામનું અમોઘ શસ્ત્ર હોય તેનું કોઈ કંઈ બગાડી શકે નહિ. જે ધરતી તણખલા વિનાની એટલે કે ઉજ્જડ અને વેરાન હોય તેની ઉપર આગનો ગોળો પડે તો તે આપમેળે ઠંડો પડી જાય.



# સ્વ. પિતાશ્રી પ્રાણજીવન ચકુલાલ ઉપાધ્યાય

જન્મ તારીખ :૧-૧-૧૯૧૧ કૈલાશવાસ : ૪-૮-૨૦૦૮



ભગવાન શ્રી રમણ મહર્ષિ


**શ્રી ગોર આશ્રમ**

મુ.પો. ખરેડા, તા. જી. મોરબી, (ગુજરાત) પીન : ૩૬૩ ૬૪૧

e: shreegorji@yahoo.com